તા. ૦૧/૦૧/૨૦૧૩ થી મોંઘવારી
ભથ્થાના દરમાં સુધારણા
(પાંચમાં પગાર પંચ સંદર્ભે)

Accounts Officer-Cum
Comptroller, A.A.U., Anand
16 OCT 2013
Inward No. 3918

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૨૦૧૩-જીઓઆઇ-૦૩-ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૯-૧૦-૨૦૧૩

વંચાણમાં લીધા: (૧) નાણા વિભાગનો તા. ૨૬/૦૭/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૯૮-૨૭૦-ચ

(૨) નાણા વિભાગનો તા. ૨૬/૧૨/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૨૦૧૨-જીઓઆઇ-૦૬-ચ

(૩) ભારત સરકારનો તા. ૦૨-૦૫-૨૦૧૩ નો ઓફીસ મેમોરેન્ડમ ક્રમાંક: ૧(૩)-૨૦૦૮-ઇ II (બી)

// ઠરાવ //

આમુખમાં દર્શાવેલ નાણા વિભાગના ઠરાવ અન્વયે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૯૮ હેઠળના પગાર ધોરણ મુજબના પગાર ઉપર છેલ્લે સંદર્ભ ક.(૨) થી દર્શાવેલ તા. ૨૬/૧૨/૨૦૧૨ ના ઠરાવ અન્વયે મોંઘવારી ભથ્થાના દરમાં વધારો મંજૂર કરવામાં આવેલ હતો. રાજ્ય સરકારના કર્મચારીઓને તા. ૦૧/૦૧/૨૦૦૬ની અસરથી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો -૨૦૦૯ લાગુ પાડવામાં આવતાં નવા પગાર ધોરણો ઉપર તા. ૦૧/૦૧/૨૦૦૬ થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના નવા દરો અને તે દરોમાં વખતોવખત વધારો મંજૂર કરવામાં આવેલ છે. પરંતુ જે અધિકારી/કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ અનુસારના પગાર ધોરણો લાગુ પાડવામાં આવેલ નથી અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૯૮ હેઠળના પગાર ધોરણોમાં પગાર મેળવે છે તેવા કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન દરોમાં તા. ૦૧/૦૧/૨૦૧૩ થી સુધારણા કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. વિચારણાના અંતે નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

Control
17/10

નાણા વિભાગના તા. ૨૬/૧૨/૨૦૧૨ ના ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૨-જીઓઆઇ-૦૬-ચ થી કર્મચારીઓને તા. ૦૧/૭/૨૦૧૨ થી ૧૫૧ % મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં તા. ૦૧/૦૧/૨૦૧૩ થી નીચે મુજબનો વધારો કરીને ચુકવવાનું નક્કી કરેલ છે.

**મોંઘવારી ભથ્થાના માસિક દર**

| ચુકવવાપાત્ર તારીખ | ચુકવવાપાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| ૦૧/૦૧/૨૦૧૩ | મુળ પગાર + મોંઘવારી પગારના ૧૬૬ % (એકસો છાસઠ ટકા) |

૨. મોંઘવારી ભથ્થુ વળતરના અલગ ભાગ તરીકે જ ગણવામાં આવશે અને ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ ૯(૫૩) ની વ્યાખ્યામાં આવતા "પગાર" તરીકે તેને ગણવામાં આવશે નહીં.

૩. મોંઘવારી ભથ્થાની ૧૬૬ % (એકસો છાસઠ ટકા) લેખેની ગણતરી (૧૫૧% થી ૧૬૬%) કર્મચારી/અધિકારીઓના મૂળ પગાર + મોંઘવારી પગાર (Basic Pay + Dearness Pay) ઉપર કરવાની રહેશે.

૪. મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતા વધુ પૈસાની ચુકવણી આખા રૂપિયા પ્રમાણે થશે. અને ૫૦ (પચાસ) પૈસાથી ઓછી રકમને ગણતરીમાં લેવામાં આવશે નહીં.

૫. મોંઘવારી ભથ્થામાં તા. ૦૧/૦૧/૨૦૧૩ થી કરવામાં આવેલ ૧૫ % નો વધારો રોકડમાં ચૂકવવાનો રહેશે.

૬. એન.પી.પી.એ. મેળવનાર કર્મચારી/અધિકારીઓને મોંઘવારી ભથ્થાના ૧૫ % નો વધારાનો લાભ તા. ૨૬/૦૭/૨૦૦૬ ના વંચાણમાં લીધેલ ક્રમાંક-૧ ઉપરના ઠરાવના પારા-૪ માં કરાયેલ ગણતરી મુજબ કરી હાલ જે ૧૫૧ % મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર છે તેને બદલે હવે તા. ૦૧/૦૧/૨૦૧૩ થી ૧૬૬ % મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે. ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૭. આ હુકમો જેમના ભવિષ્યનિધિ હિસાબો રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન લેતી બિન સરકારી શાળાઓના તમામ કર્મચારીઓને લાગુ પડશે.

૮. ઉક્ત ઠરાવનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો, પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ કર્મચારીઓને, કામ પૂરતા મહેકમના કર્મચારીઓને, તેમજ પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ, બોર્ડ-નિગમ, નગરપાલિકાઓ, અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓને અને બિન સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોને તથા કર્મચારીઓને તેમજ સહાયક અનુદાન લેતી સંસ્થાઓને મળવાપાત્ર થશે. આ રીતે મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતા વધારે ન થવો જોઇએ.

૯. ઉક્ત ઠરાવનો લાભ આપવા માટે જે તે સંસ્થાએ પોતાની નાણાકીય પરિસ્થિતિને ધ્યાને લઇ નિર્ણય લેવાનો રહેશે. આ વધારાના ખર્ચ માટે સરકાર દ્વારા કોઇ વધારાની ગ્રાન્ટ આપવામાં આવશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.ડી.સેઇલર)
નાયબ સચિવ
નાણા વિભાગ

જા.નં.આકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ-૨/૫૮૫૧ /૧૩ હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રીની કચેરી
તા. ૧૮/૧૦/૨૦૧૩ આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ-૩૮૮ ૧૧૦.

નકલ સવિનય રવાના પ્રતિ :

૧. આ યુનિવર્સિટીના સર્વે યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.
૨. વહિવટી-વ-હિસાબી અધિકારીશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.

નકલ રવાના:

૧. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,આકૃયુ,આણંદ.
૨. હિસાબી અધિકારીશ્રી(કેશ),આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.
૨/- આ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ,સર્વે ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે સરકારશ્રીના આ સાથે સામેલ તા.૦૯.૧૦.૨૦૧૩ ના ઠરાવ નં.વલભ-૧૦૨૦૧૩-જીઓઆઈ-૦૩-ચ, માં જણાવેલ શરતો ને આધીન રહી પાચમાં પગાર પંચ અન્વયે કર્મચારીઓને મોંઘવારી ભથ્થાના તફાવતના **ઓકટોબર-૨૦૧૩** સુધીના બીલો અલગ અલગ એટલે કે પ્લાન/નોન પ્લાન/અધર એજન્સી/આઈસીએઆરના તૈયાર કરીને વહિવટી-વ-હિસાબી અધિકારીશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદને **નવેમ્બર-૨૦૧૩ પેઈડ ઈન ડીસેમ્બર-૨૦૧૩ ના નિયમીત માસીક પગાર બીલમાં સુધારેલ મોંઘવારી ભથ્થાના દરે ચુકવણું થઈ ગયા બાદ** જ મોકલી આપવા.

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક